# 20. વિરલ વિભૂતિ

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) મહાત્મા ગાંધીના આધ્યાત્મિક માર્ગદર્શક કોણ હતા?

(A) શ્રીમદ્ રાજચંદ્ર

(B) વિનોબા ભાવે

(C) લોકમાન્ય ટિળક

(D) ગોપાલકૃષ્ણ ગોખલે

2) મનુષ્યદેહ શાના જેવો છે?

(A) છાશ

(B) દૂધ

(C) ઘી

(D) દહીં

3) શ્રીમદ્ રાજચંદ્રે લખેલો તત્ત્વજ્ઞાનથી ભરપૂર ચિંતનગ્રંથ કયો છે?

(A) પુષ્પમાળા

(B) મોક્ષમાળા

(C) ભાવમાળા

(D) રાજમાળા

## 2. એક-એક વાક્યમાં ઉત્તર આપો :

### 1) શતાવધાની શક્તિ એટલે શું?

- શતાવધાની શક્તિ એટલે એકસાથે સો વસ્તુઓ, ભૂલ વિના, ક્રમમાં યાદ રાખવાની શક્તિ.

### 2) મનુષ્યનો આત્મા શાના જેવો છે?

- મનુષ્યનો આત્મા છાશ જેવો છે.

### 3) ગુજરી જવું એટલે શું?

- ગુજરી જવું એટલે શરીરમાંથી જીવ નીકળી જવો.

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :

### 1) શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી એમ શા પરથી કહેશો?

- શ્રીમદ્ રાજચંદ્રની બુદ્ધિ સતેજ હોવાને કારણે તેઓ જે વાંચતા, ભણતા, ભણાવતા તે બધું તેમને આપોઆપ યાદ રહી જતું. સામાન્ય વિધ્યાર્થીને સાત ચોપડીનું શિક્ષણ પૂરું કરતાં સાત વર્ષ લાગે એ તેમણે માત્ર બે જ વર્ષમાં પૂરું કરી નાખ્યું હતું. આ પરથી કહી શકાય કે શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી.

### 2) શ્રીમદ્ રાજચંદ્રની જીવદયા અને કરુણા કયા પ્રસંગમાંથી પ્રગટ થાય છે?

- શ્રીમદ્ રાજચંદ્રના નાનપણનો એક પ્રસંગ છે. તેઓ નાના હતા ત્યારે દેવમાએ તેમને શાક સમારવા આપ્યું. શાક સુધારવા જતાં તેમણે લીલાં શાકભાજીમાં રહેલા જીવો પ્રત્યે દયાથી તેમની આંખો ભરાઈ આવી. નાનપણથી જ તેમનામાં જીવદયા અને કરુણા હતાં એ તેમના આ પ્રસંગમાંથી પ્રગટ થાય છે.

### 3) કયા પ્રસંગથી ગાંધીજી આશ્ચર્યચકિત થઈ ગયા?

- શ્રીમદ્ રાજચંદ્રના કાકાજી સસરા ડૉ. મહેતાએ ગાંધીજીને શ્રીમદ્ રાજચંદ્રનો જ્ઞાની અને શતાવધાની તરીકે પરિચય આપ્યો. ગાંધીજીએ તેમને ચકાસી જોવા માટે જુદી જુદી ભાષાના કેટલાક શબ્દો લખ્યા અને એ શબ્દો તેમણે શ્રીમદ્જીને વાંચી સંભળાવ્યા. આ પછી શ્રીમદ્જીએ સહજ રીતે, એક

પછી એક, બધા શબ્દો ગાંધીજીએ જે ક્રમમાં લખ્યા હતા તે ક્રમમાં કહી સંભળાવ્યા ! ત્યારે ગાંધીજી એમની શતાવધાની શક્તિથી આશ્ચર્યચકિત થઈ ગયા.

## 4) ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો આધ્યાત્મિક સંબંધ સમજાવો.

- ગાંધીજીનો શ્રીમદ્ રાજચંદ્ર સાથેનો આધ્યાત્મિક સંબંધ ઊંડો હતો. શ્રીમદ્જીની સ્મરણશક્તિ, બહોળું શાસ્ત્રજ્ઞાન અને શુદ્ધ ચરિત્રથી ગાંધીજી એટલા પ્રભાવિત થયા કે તેઓ તેમના અનુરાગી બની ગયા. ગાંધીજીએ સ્વીકાર્યું હતું કે તેમણે સૌથી વધારે શ્રીમદ્જીના જીવનમાંથી ગ્રહણ કર્યું છે. ગાંધીજીને અધ્યાત્મ અને ધર્મસંબંધી કોઈ મૂંઝવણ હોય તો તેઓ તેમની પાસે રજૂ કરતા, તેમને પ્રશ્નો પણ પૂછતા. આ બાબતમાં ગાંધીજીને શ્રીમદ્જી પાસેથી યોગ્ય સમાધાન અને માર્ગદર્શન પણ પ્રાપ્ત થતું. ગાંધીજીમાં સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અભય વગેરે ગુણો વિકાસ પામ્યા હતા અને દઢ થયા તેની મૂળ પ્રેરણા તેમને શ્રીમદ્જીમાંથી મળી હતી. ગાંધીજીએ શ્રીમદ્જીના ગ્રંથ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું અંગ્રેજીમાં ભાષાંતર પણ કર્યું હતું. શ્રીમદ્જી લિખિત કાવ્ય 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' 'આશ્રમ ભજનાવલિ' માં સ્થાન પામ્યું છે. આ દૃષ્ટિએ જોતાં એમ કહી શકાય કે ગાંધીજીનો શ્રીમદ્જી સાથેનો આધ્યાત્મિક સંબંધ ઊંડો હતો.